RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

પ્રજાપંખ- ન્યૂઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૨૫ (સુરત) તા.૨૪/૦૩/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-25 SURAT DATE-24/03/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 વિદેશી ખેલાડીઓ થાકનું બહાનું કાઢે તો પગાર કાપો! આઈપીએલ પહેલા અશ્વિનની સલાહ

2 અર્જુન રામપાલ છત્રપતિ શિવાજી મહારાજની ફિલ્મમાં વિલન બનશે

3 પવિત્ર સ્થાન અંબાજી ખાતે શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

3 સ્થાનિક ચૂંટણીમાં નવા ઈવીએમમા મતદાન થશે : ફર્સ્ટ ચેકિંગ કરાયું

## મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે વડાપ્રધાન મોદીની હાઈ-લેવલ મીટિંગ, ગેસ-ઓઇલ સંકટ મુદ્દે લેવાશે મહત્ત્વના નિર્ણય

પશ્ચિમ એશિયા માં ઘેરાતા યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈનમાં વધતા પડકારો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સાંજે એક મહત્વપૂર્ણ મંત્રીસ્તરની સમીક્ષા બેઠક કરી, આ બેઠકમાં સરકારના વરિષ્ઠ મંત્રી અને અધિકારી હાજર છે. બેઠકનો મુખ્ય એજન્ડા યુદ્ધને કારણે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓના પગલે દેશમાં પેટ્રોલિયમ, વીજળી અને ખાતર જેવા વિવિધ ક્ષેત્રોની સુરક્ષા અને નિરંતરતા સુનિશ્ચિત કરવાનો છે.

ન્યૂઝ એજન્સી ના જણાવ્યા મુજબ વડાપ્રધાન આ બેઠકમાં ખાડી દેશોમાંથી થતા ઉર્જા પુરવઠાની સમીક્ષા કરી છે. જે હાલની સ્થિતિએ સરકારનો પ્રાથમિક ઉદ્દેશ્ય છે

-યુદ્ધ હોવા છતાં દેશના ખૂણે-ખૂણે ઈંધણ અને ખાતરની અછત ન થવા દેવી

-બંદરો અને પરિવહન માર્ગો પર વધતા દબાણ વચ્ચે વિતરણ પ્રણાલીને કાર્યક્ષમ રાખવી

-ક્રૂડના વૈશ્વિક ભાવમાં ઉછાળા છતાં સ્થાનિક ઉદ્યોગો અને સામાન્ય ગ્રાહકોને તેના નુકસાનથી બચાવવા

હોર્મુઝ સ્ટ્રેટ ચિંતાનું કેન્દ્ર

યુદ્ધની સ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જયારે ઈરાને ઈઝરાયલ અને પડોશી ખાડી દેશો પર જવાબી કાર્યવાહી



કરી. હાલમાં સૌથી મોટો પડકાર હોર્મુઝ સ્ટ્રેટને લઈને છે, જયાંથી વિશ્વની ૨૦ ટકા ઉર્જાનું પરિવહન થાય છે. ઈરાન દ્વારા આ માર્ગ પર જહાજોની અવરજવર સીમિત કરવાથી વૈશ્વિક ઉર્જા સંકટ વધુ ઘેરાયું છે. ખાસ કરીને ક્રૂડ અંગે ગેસ માટે બીજા દેશો પર નિર્ભર ભારત અને ચીન જેવા દેશો સંકટમાં મુકાયા છે.

૨૮ ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયા પછી વડાપ્રધાન મોદી સતત વૈશ્વિક નેતાઓના સંપર્કમાં છે. તેમણે અત્યાર સુધી સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, ફ્રાન્સ, ઈઝરાયલ અને ઈરાન સહિત અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો સાથે ફોન પર વાત કરી છે. ક્રૂડ અને ગેસ સપ્લાઈ ભારતમાં સતત ચાલુ રહે તે માટે વિવિધ વિકલ્પો પર કેન્દ્ર સરકાર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## યુદ્ધને કારણે LPG ની અછત વચ્ચે યુરિયા ઉત્પાદન ૫૦% ઘટ્યું, ખાતરની અછત સર્જાવાની આશંકા




મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયલના આક્રમણના પગલે ઈરાને હોર્મુઝની ખાડીની નાકાબંધી કરતા આખી દુનિયા ઊર્જા કટોકટીનો સામનો કરી રહી છે. આ સંકટ વચ્ચે ભારતમાં એલપીજી ગેસનો પુરવઠો ખોરવાયો હોવાથી ભારતમાં યુરિયા પ્લાન્ટ તેમની અડધી ક્ષમતા પર કામ કરી રહ્યા છે, જેને પગલે ઉત્પાદન પણ ઘટ્યું છે. આથી આગામી સમયમાં પેટ્રોલ-ડીઝલ, ગેસ પછી હવે ખાતરની તંગી સર્જાવાનું જોખમ છે.

મધ્ય-પૂર્વમાં યુદ્ધના પગલે પેટ્રોનેટ એલએનજીએ ઈમર્જન્સી સ્થિતિની જાહેરાત કરી છે, જે દેશનો સૌથી મોટું એલએનજી મેળવતું ટર્મિનલ ઓપરેટ કરે છે. સપ્લાયરોએ હોર્મુઝની ખાડીમાંથી સપ્લાય અવરોધાવાના કારણે ગેસનો સપ્લાય કરવામાં અસમર્થતા વ્યક્ત કરી છે.

આ પગલાંથી સરકારી ગેસ વિતરક કંપનીઓ ગેલ, ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમે સપ્લાયમાં કાપ શરૂ કર્યો છે. ગેસનો પુરવઠો સામાન્ય સ્તરથી ઘટાડીને ૬૦-૬૫ ટકા કરી દેવાયો છે, જેથી કેટલાક પ્લાન્ટમાં અસરકારક સપ્લાય ૫૦ ટકાથી નીચે આવી ગયો છે. આ કારણે જે પ્લાન્ટ્સ પર અસર થઈ છે ત્યાં યુરિયાનું ઉત્પાદન પણ ઘટીને લગભગ અડધું થઈ ગયું છે. સૂત્રો મુજબ ભારત દુનિયામાં સૌથી મોટા યુરિયા ગ્રાહકોમાંનો એક છે અને સતત ઘરેલુ અછત આગામી ખરીફ સીઝન પહેલા ખાતરની ઉપલબ્ધતા પર અસર કરી શકે છે. ભારત પાસે ૧૯ માર્ચ સુધીમાં કુલ ૬૧.૧૪ લાખ ટન યુરિયાનો ભંડાર હતો, જે એક વર્ષ પહેલા આ જ સમયના ૫૫.૨૨ લાખ ટનથી વધુ છે.

## તમે તો અહીના લોકોને આઝાદી અપાવવા આવ્યા હતા... ટ્રમ્પના ૪૮ કલાકના અલ્ટિમેટમ મુદ્દે ઈરાન ભડક્યું



**અમેરિકા હાલ 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ ઈરાનના સંચાર નેટવર્ક અને મિસાઈલ લોન્ચ પેડ્સને નિશાન બનાવી રહ્યું છે.**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ ભયાનક સ્થિતિમાં પહોંચી ગયું છે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે બંને દેશોએ એકબીજાને ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી આપી છે. અમેરિકાએ ઈરાનને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે, જો હોર્મુઝ જલડમરુમધ્ય ખોલવામાં નહી આવે તો ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરવામાં આવશે. આ ધમકીના જવાબમાં ઈરાને વળતો પ્રહાર કરતા કહ્યું છે કે, જો તેમના પાવર પ્લાન્ટ્સ પર હુમલો થશે તો સમગ્ર ખાડી વિસ્તારમાં અંધારપટ છવાઈ જશે.

ઈરાને પોતાની સૈન્ય તાકાત બતાવતા હિંદ મહાસાગરમાં સ્થિત અમેરિકાના અત્યંત મહત્ત્વના સૈન્ય મથક ડિએગો ગાર્સિયા પર બે બેલેસ્ટિક મિસાઈલો દાગી છે. નોંધનીય છે કે હવે ઈરાન ૪,૦૦૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવતી મિસાઈલોનો ઉપયોગ કરી રહ્યું છે.

અમેરિકા હાલ 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ ઈરાનના સંચાર નેટવર્ક અને મિસાઈલ લોન્ચ પેડ્સને નિશાન બનાવી રહ્યું છે. અમેરિકાનો દાવો છે કે, ઈરાનની નૌસેના અને વાયુસેના નબળી પડી છે પરંતુ ઈરાને ઈઝરાયેલના ડિમોના અને અરાદ જેવા શહેરો પર હુમલા કરીને પોતાની સક્ષમતા પુરવાર કરી છે. છેલ્લા ૨૩ દિવસથી ચાલી રહેલા આ સૈન્ય સંઘર્ષમાં અત્યાર સુધી ૧,૫૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ યુદ્ધના કારણે વૈશ્વિક તેલ બજારમાં પણ ભારે સંકટ ઊભું થયું છે અને કૂટનીતિક પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે.

## વડાપ્રધાન મોદીએ ૮,૯૩૧ દિવસ સરકારના વડા બનીને ઈતિહાસ રચ્યો

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોઈપણ સરકારના વડા તરીકે સૌથી વધુ દિવસ શાસન કરવાની સિદ્ધિ મેળવીને ભારતના રાજકારણમાં ઈતિહાસ રચ્યો છે. પીએમ મોદીએ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને ૧૨ વર્ષથી દેશના વડાપ્રધાન તરીકે શાસન સંભાળ્યું છે. અગાઉ આ રેકોર્ડ સિક્કિમના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગના નામે હતો, જેમણે ૮,૯૩૦ દિવસ સુધી કોઈ સરકારના વડા તરીકે કામ કર્યું હતું. વડાપ્રધાન મોદીને આ ઈતિહાસ રચવા બદલ સાથી કેબિનેટ મંત્રીઓ સહિત સેલિબ્રિટીઓ અને જનતાએ અભિનંદન પાઠવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે સૌથી લાંબો સમય શાસન કરવાનો રેકોર્ડ કરતા ૨૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમણે ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શાસનની ધૂરા સંભાળી હતી. તેમણે ૨૧ મે, ૨૦૧૪ સુધી મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું. ત્યાર પછી મે ૨૬, ૨૦૧૪માં તેઓ વડાપ્રધાન બન્યા અને હજુ સુધી આ પદ પર શાસન કરી રહ્યા છે. આમ પીએમ મોદીએ ૨૦૦૧માં સરકારના વડા તરીકેનું પદ સંભાળ્યા પછી સતત ૮,૯૩૧ દિવસથી હેડ ઓફ ગવર્મેન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમની આ સિદ્ધિ દાયકાઓ સુધી સતત નેતૃત્વ, જનસમર્થન અને રાજકીય સ્થિરતાની સ્થિતિ પણ રજૂ કરે છે.

પીએમ મોદીએ કોઈ સરકારના વડા તરીકે સૌથી



વધુ દિવસ સુધી શાસન કરવાની સાથે અન્ય અનેક સિદ્ધિઓ મેળવી છે. તેઓ ગુજરાતના સૌથી લાંબો સમય સુધી મુખ્યમંત્રી રહેનારા એકમાત્ર નેતા છે. આ સિવાય ભારતીય રાજકારણમાં પીએમ મોદી સંભવતઃ એકમાત્ર એવા નેતા છે, જેમણે એક રાજયના મુખ્યમંત્રી તરીકે સતત ત્રણ ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી જીતી અને સતત ત્રણ વખત ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં જીતવાનો ઈતિહાસ રચ્યો છે.

## ઈન્ડિયન એરફોર્સમાં પાકિસ્તાની જાસૂસ? ગુપ્ત જાણકારી લીક કરતો હોવાના આરોપ હેઠળ ધરપકડ

રાજસ્થાન પોલીસે રવિવારે એક મોટા ઓપરેશનમાં આસામના ચાબુઆ એરફોર્સ સ્ટેશનથી એક સિવિલિયન કર્મચારીની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી છે. આરોપીનું નામ સુમિત કુમાર (૩૬) છે. આરોપી કથિત રીતે ઈન્ડિયન એરફોર્સ સંબંધિત સંવેદનશીલ માહિતી પાકિસ્તાની હેન્ડલરોને પહોંચાડતો હતો. તેની ધરપકડથી દેશમાં ચાલી રહેલા એક મોટા જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે.

એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ઈન્ટેલિજન્સ) પ્રફુલ્લ કુમારે જણાવ્યું કે, જાન્યુઆરી ૨૦૨૬માં જેસલમેરના રહેવાસી ઝાબરા રામની ધરપકડ સાથે આ સમગ્ર જાસૂસી કેસનો ખુલાસો થયો હતો. તેની પૂછપરછ અને તપાસ દરમિયાન અન્ય એક શંકાસ્પદ વ્યક્તિ સુમિત કુમારનું નામ સામે આવ્યું હતું, જે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે સતત સંપર્કમાં હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપી સુમિત કુમાર મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના લાહુરપારનો રહેવાસી છે અને બેની માધવનો દીકરો છે.



## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે રાહત! હજારો ટન LPG લઈને અમેરિકાથી ભારત પહોચ્યું જહાજ



મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ભારત સહિત અનેક દેશોમાં ઓઈલ અને ગેસને લઈને ચિંતા વધી છે. ખાસ કરીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થયા બાદ ભારતમાં ગેસની અછતનું જોખમ ઊભું થયું છે.

એવામાં રવિવારે સવારે અમેરિકાના ટેક્સાસથી નીકળેલું અને સિંગાપોરનો ધ્વજ ધરાવતું 'પાઇક્સિસ પાયનિયર' જહાજ ૧૬,૭૧૪ ટન LPG જથ્થા સાથે મેંગલોર બંદર પર પહોંચી ગયું છે. આ જહાજ ૧૪ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ પોર્ટથી નીકળ્યું હતું અને સોમવારે સવારે પરત રવાના થશે. આ પોર્ટ પર કુલ ૭૨ હજાર ટન રસોઈ ગેસ પહોંચવાનો છે.

૨૫ માર્ચઃ 'અપોલો ઓસિયન' જહાજ ૨૬ હજાર ટન ગેસ લઈને આવશે

૨૯ માર્ચઃ અમેરિકાથી વધુ એક જહાજ 30,000 ટન ગેસ લઈને આવશે.

આ ગેસ પાઇપલાઇન દ્વારા બેંગલુરુ અને દક્ષિણ ભારતના અન્ય વિસ્તારો સુધી પહોંચાડવામાં આવશે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે અનેક દેશોમાં ઓઈલ અને ગેસને લઈને ચિંતા ઊભી થઈ છે ત્યારે હવે હોર્મુઝની ખાડી અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપી દીધું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું કે, જો ૪૮ કલાકમાં હોર્મુઝમાં સામાન્ય અવરજવર શરૂ નહીં થાય તો અમેરિકા ઈરાનના પરમાણુ કેન્દ્ર નષ્ટ કરી નાંખશે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે ઈરાન-ઈઝરાયલ યુદ્ધ હવે ચોથા સપ્તાહમાં પ્રવેશ્યો છે અને સ્થિતિ વધુ સ્ફોટક બની છે.

## અડધા વિશ્વની સ્કૂલોમાં મોબાઇલ પર પ્રતિબંધો મુકાયા છે : યુનેસ્કોનો રિપોર્ટ

નવી દિલ્હીઃ મોબાઇલ ફોનના વધુ પડતા ઉપયોગને કારણે બાળકો શિક્ષણથી દૂર થઇ રહ્યા છે, સ્કૂલોમાં વર્ગખંડો ચાલી રહ્યા હોય ત્યારે બાળકો ધ્યાન નથી આપી શકતા. જેને પગલે વિશ્વભરમાં અડધા દેશોમાં હવે સ્કૂલોમાં મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દેવાયો છે. આ ખુલાસો સંયુક્ત રાષ્ટ્રના યુનેસ્કો સંગઠન સાથે જોડાયેલી ગ્લોબલ એજયુકેશન મોનિટરિંગ ટીમે કર્યો છે.

યુનેસ્કોની ગ્લોબલ એજયુકેશન મોનિટરિંગ ટીમ દ્વારા બાળકોમાં મોબાઇલના ઉપયોગની અસરો પર અભ્યાસ કરવામાં આવ્યો જેમાં કેટલાક ચોંકાવનારા પરિણામ સામે આવ્યા છે. ટીમને જાણવા મળ્યું કે મોબાઇલના માધ્યમથી સોશિયલ મીડિયાના વધારે પડતા ઉપયોગને કારણે છોકરાઓ કરતા છોકરીઓમાં ભોજન સાથે સંકળાયેલી




તકલીફો વધુ જોવા મળી. ફેસબુકનું પોતાનું સંશોધન કહે છે કે સગીરાઓમાં ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ વધવાને કારણે પોતાના શારીરિક દેખાવને લઇને ૩૨ ટકા સગીરાઓ ખરાબ અનુભવે છે.

યુનેસ્કોની આ મોનિટરિંગ ટીમના એક સભ્યએ પીટીઆઇને જણાવ્યું હતું કે તાજેતરના ગ્લોબલ મોનિટરિંગમાં જાણવા મળ્યું છે કે ૧૧૪ શૈક્ષણિક સંસ્થાનોમાં રાષ્ટ્રીયસ્તરે પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. એટલે કે વિશ્વભરના દેશોમાંથી ૫૮ ટકાએ પોતાની સ્કૂલોમાં રાષ્ટ્રીય સ્તરે મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે.

આજ પ્રજા પંખ મે.....

## जिंदगी



जिंदगी एक कहानी
कहानी के सूत्रधार तुम,
मुसीबत हरदम टटोलती
रूख भी जिंदगी का वही देती !

दु:ख और सुख आते जाते
जस्बात तुम्हारे जगाते जाते,
कल से आज और आज से कल
जिंदगी पर हर पलो में बनती !

रिश्तों का वजूद मिलन और जुदाई में
मोहब्बत का मेहसूस करने में,
प्यार में तोल मोल नहीं
एक दूजे में समा जाना !

सुबह होती , रात होती
कुछ पल अंजाम देते,
इन अंजामों को सजोना है
बाक़ी सब तो होना है !!

**–अश्विन, अटपटा**

# વિદેશી ખેલાડીઓ થાકનું બહાનું કાઢે તો પગાર કાપો! આઈપીએલ પહેલા અશ્વિનની સલાહ



આઈપીએલ ૨૦૨૬ ની હરાજીમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન પર અત્યાર સુધીનો સૌથી મોટો દાવ ખેલ્યો છે. ગ્રીન આઈપીએલ ઇતિહાસનો સૌથી મોઘો વિદેશી ખેલાડી બની ગયો છે. તેને રૂ. ૨૫.૨૦ કરોડમાં ખરીદવામાં આવ્યો છે. જોકે, નવા નિયમો મુજબ વિદેશી ખેલાડીના પગારની મર્યાદા રૂ. ૧૮ કરોડ નક્કી કરવામાં આવી છે. આથી, હરાજી રૂ. ૨૫.૨૦ કરોડમાં થઈ હોવા છતાં ગ્રીનને પગાર તરીકે રૂ. ૧૮ કરોડ મળશે, જયારે બાકીની રૂ. ૭.૨૦ કરોડની રકમ બીસીસીઆઈના ’પ્લેયર વેલ્ફેર ફંડ’માં જશે.

અશ્વિને આ આંકડાઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ‘જો તમે શાહરૂખ ખાન હોવ અને તમે કોઈ ખેલાડી માટે રૂ. ૨૫ કરોડ ખર્ચ્યા હોય, અને તે મેદાન પર આવીને એમ કહે કે ’હું માત્ર એક જ ઓવર ફેંકીશ’, તો તમને કેવું લાગે? જયારે ફ્રેન્ચાઈઝી આટલી મોટી રકમ રોકે છે, ત્યારે તેઓ ખેલાડી પાસેથી સંપૂર્ણ યોગદાનની અપેક્ષા રાખે છે.‘

અશ્વિને તેના પોડકાસ્ટમાં જણાવ્યું કે ઘણીવાર વિદેશી ખેલાડીઓ, ખાસ કરીને કેમેરોન ગ્રીન જેવા ઓલરાઉન્ડરો, છેલ્લી ઘડીએ ’વર્કલોડ મેનેજમેન્ટ’નું કારણ આપીને બોલિંગ કરવાનું ટાળે છે. અશ્વિને ઉમેર્યું કે, ‘જો તમે કેમેરોન ગ્રીન જેવા ખેલાડીને મોટી રકમ આપીને ટીમમાં સામેલ કરો છો અને તે મેચના દિવસે એમ કહે કે ’આજે હું ૪ ઓવર નહીં ફેંકું કારણ કે મારે મારો વર્કલોડ મેનેજ કરવો છે’, તો ફ્રેન્ચાઈઝીએ તેના કોન્ટ્રાક્ટની રકમમાંથી તેટલી રકમ (પ્રો-રેટ મુજબ) કાપી લેવી જોઈએ.‘

અશ્વિને ભાર મૂક્યો હતો કે ટી-૨૦માં ૪ ઓવર ફેંકવી એ એટલું મોટું કામ નથી કે જેના માટે ખેલાડીઓ વારંવાર થાકનું બહાનું કાઢે. ખાસ કરીને વિદેશી ખેલાડીઓ જયારે આઈપીએલ બાદ તરત શરૂ થતી પોતાની દેશની શ્રેણી (કે જે ક્યારેક વર્લ્ડ કપની સેમિ ફાઇનલ જેવી મહત્વની મેચો તરફ દોરી જતી હોય) રમવા માંગતા હોય ત્યારે વર્ક મેનેજમેન્ટનું બહાનું ધરી ઓછી જવાબદારી વહન કરે છે. ફ્રેન્ચાઈઝી માલિકોએ કરાર વખતે જ પૂર્ણ પ્રદાનની શરત મૂકવી જોઈએ.

# તંત્રી લેખ........

## સમય સાથે બદલાતા સંબંધોના સમીકરણ

પ્રત્યેકના જીવનમાં ઉતાર-ચઢાવ આવે જ છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખનું ચક્ર ચાલ્યા જ કરે છે. સમયના સથવારે સંબંધોના સમીકરણ પણ બદલાઈ જાય છે. એક સમયે એકમેક માટે પ્રાણ આપવા તૈયાર યુગલ થોડા વર્ષો બાદ વિખવાદને કારણે એકબીજાથી છૂટા પડવા કોર્ટના પગથિયા ઘસે તેને સમયની બલિહારી ન કહી શકાય? એકબીજાને દિલોજાનથી ચાહતા અને એકમેક વિના પળભર ન રહી શકતા દંપતીનો પ્રેમદ્વીપ અચાનક જ રેતીનો ટીંબો સાબિત થાય છે અને સંબંધમાં છેતરાયાની લાગણી થાય છે. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે સંબંધ કંઈ રાતોરાત તૂટતા નથી. લાંબા સમયથી કંઈક નાની-નાની બાબતો એવી બનતી હોય છે જેને કારણે દિવસો દિવસ અસંતુષ્ટી અને અભાવનું પ્રમાણ વધતું જાય છે. જીવનમાં બનતી સૂક્ષ્મ ઘટનાઓ જયારે મનને ઉદ્વેગ કરે ત્યારે જ મનુષ્યએ સમજદારે ચેતી જવું જોઈએ. જયારે આપણા જીવનની વ્હાલી વ્યક્તિના દોષ આપણને દેખાય ત્યારે આત્મમંથન કરવાની ઘડી આવી પહોંચી છે તેમ સમજવું જોઈએ. જીવનની કસોટીકારક પળમાં સામેની વ્યક્તિની ભૂલો શોધવાને બદલે આપણો વાંક ક્યાં છે તે પહેલાં જોવું જોઈએ.

પ્રત્યેક મનુષ્ય પાસે પોતાના આગવા વિચારો હોય છે એટલે સાથે રહેતી કોઈ પણ બે વ્યક્તિ વચ્ચે મતભેદ થવો સહજ છે, પણ આ મતભેદ મનભેદમાં ન પરિણમે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ. જયારે સામેની વ્યક્તિના કાર્યથી લાગણી ઘવાય કે એકલા પડી ગયાનો અનુભવ થાય ત્યારે મનભેદના બીજ રોપાય છે. ઘણી વખત વ્યક્તિ પોતાનો રોષ આડકતરી રીતે પ્રગટ કરવા પ્રિય વ્યક્તિને ટાળે છે અને ઉપરથી એવો દેખાવ કરે છે જાણે કશું જ બન્યું નહોય. બસ, પ્રિય વ્યક્તિને ટાળવાનું કૃત્ય જ સંબંધોમાં કરવતનું કામ કરે છે. કારણ કે જતે દહાદે ટાળવાની લાગણી જ મન પર કબજો જમાવી બેસે છે અને બે વ્યક્તિ વચ્ચેની ખાઈ વધતી જાય છે.

મનભેદનો આરંભ થયા બાદ ધીમે ધીમે હતાશા મનને ઘેરી વળે છે. હતાશા ઘણા સ્વરૂપે વ્યક્ત થાય છે જેમકે, રોષ, આક્રોશ, ટીકા, રુક્ષ વર્તન વગેરે. આ તબક્કામાં સામેની વ્યક્તિની પ્રત્યેક વર્તણૂક પર ચીડ ચડે છે. અને જીવનસાથીની ખોટી પસંદગી થઈ ગયાનો ખેદ થાય છે. પતિ-પત્નીને એમ થઈ જાય કે તેમના વિચારોમાં આભ-જમીનનો ફરક છે અને તેમણે એકમેકને પસંદ કરી મોટી ભૂલ કરી છે. એક વખત આ ગ્રંથિ મનમાં ઘર કરી જાય પછી તેને દૂર કરવી મુશ્કેલ બને છે. અને છેવટે સંબંધ વિચ્છેદની ભાવના દ્રઢ બને છે.

પ્રતિકાર અને હતાશા બાદ જીવનસાથીથી છૂટા પડી જવાની ઇચ્છા પ્રબળ બને છે. અને વ્યક્તિ એકમેકથી દૂર જતી જાય છે. આ લાગણી પણ અનેક રીતે વ્યક્ત થાય છે. જેમકે ગુસ્સામાં છોડી દેવાની ધમકી આપવી, અસહારભર્યુ વલણ અપનાવવું, અન્યો સમક્ષ જીવનસાથીને ઉતારી પાડવી, આક્ષેપો કરવા, જીવનસાથીની જાતીય ઇચ્છા ન સંતોષવી. આશંકા કરવી, વાત ન કરવી, કોઈ પણ બાબતની ચર્ચા કરવાની ટાળવી અને એક રૂમમાં ન રહેવું.

કેટલાક દંપતીઓ સીધી રીતે એકમેક પ્રત્યે ઉત્પન્ન થયેલો અણગમો વ્યક્ત કરતા નથી. તેના બદલે લગ્નેતર સંબંધ બાંધે છે સતત ઘરની બહાર રહે છે, ઓફિસમાં ન જરૂર હોય છતાં કામમાં ગળાડૂબ રહી ઓવરટાઈમ કરે અથવા જીવનસાથીની પ્રત્યેક વાતનો વિરોધ કરે છે.

પરંતુ સંબંધો જયારે આટલી હદે અળખામણાં બની જાય ત્યારે એકબીજાને છેતરવા કરતાં સામસામે બેસીને મનમાં રહેલી લાગણીને વ્યક્ત કરવી જોઈએ. આજે નહિ તો કાલે હકીકત સામે આવવાની જ છે તો છેતરાઈને કે છેતરીને છૂટા પડવા કરતાં સમજી વિચારીને યોગ્ય ઉકેલ શોધવામાં જ શાણપણ છે. ’તું નહિ તો ઔર સહી’ની નીતિ જીવનમાં અસંતોષને જ પોષે છે. તમામ વ્યક્તિમાં ગુણ અને અવગુણ હોય જ છે. એટલે ગાઢ સંબંધોમાં ગુણોની પ્રશંસા સાથે અવગુણોનો સ્વીકાર અત્યંત જરૂરી છે.

# નુકસાનીનો સર્વે કરવાના આદેશ અપાયા, રિપોર્ટ બાદ સરકાર નિર્ણય લેશે’, માવઠાના કારણે પાક નુકસાન મુદ્દે રાજય કૃષિ મંત્રીનું નિવેદન

ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને મોટાપાયે નુકસાન થયું છે. આ ગંભીર સ્થિતિ અંગે રાજયના કૃષિ મંત્રી રમેશ કટારાએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે સરકાર ખેડૂતોની પડખે છે અને નુકસાનીનો અંદાજ મેળવવા માટે સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

પંચમહાલના મોરવા હડફ ખાતે એક કાર્યક્રમ દરમિયાન રાજય કક્ષાના કૃષિ મંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ’રાજયમાં થયેલા કમોસમી વરસાદને પગલે ખેતીમાં થયેલા નુકસાનના આંકડા મેળવવા માટે ગ્રામસેવકો અને તલાટીઓને સર્વે કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. સર્વેનો સત્તાવાર રિપોર્ટ સરકારને સોંપવામાં આવ્યા બાદ, સહાય ચૂકવવા બાબતે રાજય સરકાર દ્વારા યોગ્ય અને ખેડૂતલક્ષી નિર્ણય લેવામાં આવશે.’

માવઠાને કારણે જીરું, રાયડો અને ઘઉં જેવા રવી પાકોને ભારે નુકસાન પહોંચ્યું છે. કૃષિ મંત્રીના આ આશ્વાસન બાદ હવે ખેડૂતો વહેલી તકે સર્વે પૂર્ણ થાય અને સરકાર દ્વારા યોગ્ય વળતરની જાહેરાત કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, મંત્રી રમેશ કટારા, લોકસભા સાંસદ અને સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં મોરવા હડફ તાલુકાના મેરપ અને સાલિયા ગામ વચ્ચે પાનમ નદી પર નવનિર્મિત પુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુલ બનવાથી ગોધરા તાલુકા અને દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ૧૫ થી વધુ ગામોને ફાયદો થશે. હવે આ અંતરિયાળ ગામોને સીધું જ નેશનલ હાઈવે સાથે જોડાણ મળશે, જેનાથી વાહનવ્યવહાર અને ખેતપેદાશોની હેરફેરમાં સરળતા રહેશે.



**રાજયમાં થયેલા કમોસમી વરસાદને પગલે ખેતીમાં થયેલા નુકસાનના આંકડા મેળવવા માટે ગ્રામસેવકો અને તલાટીઓને સર્વે કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે.**

## રાશીફળ

**મેષ** -અઠવાડિયામાં તમને ભાગ્યનો ઉદય થતું જોવાઈ રહ્યા છે. તમે વધારે આવકના સ્ત્રોત તૈયાર કરશે. સોચ વિચાર કરી કામ કરવાથી લાભ થશે. વિદેશ કે દૂર સ્થાનના કામથી લાભ થશે.

**વૃષભ** -આર્થિક ઉન્નતિ અને સમૃદ્ધિ મળવાની શક્યતા છે. રોકાયેલા કાર્ય પૂર્ણ થશે. બીજાની મદદ મળી શકે છે. આવક કરતા ખર્ચ ની માત્રા વધારે રહેશે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ ઉદર વિકારનો યોગ.

**મિથુન**- આર્થિક મજબૂતી અને નોકરીયાત લોકોને આગળ વધવાનું અવસર મળશે. પણ શત્રુ કે પ્રતિસ્પર્ધી વધારે સક્રિય રહેશે. આથી કામમાં બેદરકારી ન કરવી. સ્વાસ્થયનો ખાસ ધ્યાન રાખો.કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ.

**કર્ક** -સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે.

**સિંહ**-નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. વિશેષ નીતિગત સમસ્યા.વડીલોથી તનાવને કારણે યાત્રા યોગ.

**કન્યા**-આ અઠવાડિયા ઉત્તમ સિદ્ધ થશે . અઠવાડિયાનો પ્રથમ દિવસ ગુસ્સા અને આવીશની સાથે જલ્દીબાજીના સ્વભાવ રહેશે. જેના કારણે કામ બગડવાની શક્યતા છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

**તુલા**-આ અઠવાડિયા પરિવારમાં કોઈ શુભ કે ધાર્મિક પ્રસંગ થઈ શકે છે. જમીન-મકાનની ખરીદ-વિક્રયનો યોગ બનશે અને પ્રાપર્ટી સંબંધિત કાર્યથી લાભ થશે. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધારે અનૂકૂળતા રહેશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ મળશે. દુસ્સાહસ ન કરવું.

**વૃશ્ચિક** -આ અઠવાડિયા કામમાં તમારો ઉત્સાહ વધશે. વિચારોમાં નકારાત્મકતામાં કમી આવશે અને તમે જીવનના સારા પહલૂઓ પર ધ્યાન આપશે. વર્તમાન સમયમાં ખર્ચમાં ઘટાડો થશે આવશે અને આવકમાં સ્થિરતા રહેશે.ભાગીદાર, જીવનસાથીની સાથે મતભેદ અને યાત્રામાં વિઘ્નનો યોગ.

**ધન**-વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વ્યાપાર-વ્યવસાયમાં વૃદ્ધિ થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. ઋતુ અનુસાર ખાનપાન કરવું, કુટુંબીજનોના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ.

**મકર**-વ્યવસાયિક યાત્રાઓ લાભદાયક રહેશે. ઉત્સાહમાં વૃદ્ધિ થશે. શુભ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. દેશ-વિદેશમાં સંપર્ક વધશે. જીવનસાથી સાથે તનાવ ન રાખવો. વિવાદોમાં વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુ પરાસ્ત થશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**કુંભ**-મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે. અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે.

**મીન**શુક્રનો રાશિ પરિવર્તન આ અઠવાડિયા તમારા માટે પ્રગ્તિ કારક રહેશે. ભાઈ બેન સાથે સંબંધમાં સુધાર આવશે. થોડા સમયથી યાત્રા અને પ્રવાસની યોજના બનાવી રહ્યા છે. ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

# અર્જુન રામપાલ છત્રપતિ શિવાજી મહારાજની ફિલ્મમાં વિલન બનશે



મુંબઇઃ અર્જુન રામપાલ ધૂરંધર ટુની સફળતા પછી અન્ય પ્રોજેક્ટ માટે ચર્ચામાં છે. અભિનેતા ધ પ્રાઇડ ઓફ ભારતઃ છત્રપતિ શિવાજી મહારાજની ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. જયારે આ ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજના રોલમાં ઋષભ શેટ્ટી હશે. આ ફિલ્મનું નિર્માણ સંદીપ સિંહનું હશે અને આ ફિલ્મ દ્વારા તે દિગ્દર્શક તરીકેની પણ કારકિર્દી શરૂ કરશે. ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજના સાહસ,યુદ્ધ કૌશલ અને મુગલ સામ્રાજય વિરુદ્ધ સંઘર્ષની ગૌરવગાથા દર્શાવામાં આવશે. આ ફિલ્મમાં શેફાલી શાહ છત્રપતિ શિવાજીની માતા રાજમાતા જિજાબાઇની ભૂમિકામાં હશે.

સંદીપ સિંહની આ ફિલ્મનું શૂટિંગ જુન મહિના પછી શરૂ કરવાની યોજના છે. ફિલ્મનું સંગીત પ્રીતમનું હશે. અને સિનેમેટોગ્રાફી રવિ વર્માની હશે.

# હાલ રાજયમાં માવઠાની શક્યતા નહિવત, ગરમી વધશે



અમદાવાદ- હવામાન વિભાગ દ્વારા ખેડૂતો માટે રાહતના સમાચાર આપવામાં આવ્યાં છે. આવનારા દિવસોમાં રાજયમાં કમોસમી વરસાદની શક્યતા નહિવત હોવાનું જણાવ્યું છે. આ સાથે જ જણાવ્યું છે કે, આગામી ૪૮ કલાકમાં તાપમાનમાં ફરી બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. તાપમાનમાં વધારાની સાથે-સાથે ગરમીમાં પણ વધારો નોંધાશે. છેલ્લા ૨૪ કલાકમાં મોટા ભાગના શહેરમાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિમાં તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે. છેલ્લા ૪૮ કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. જે બાદ સ્થિતિમાં કોઈ પણ પ્રકારનો વધારો નોંધાશે નહીં.

ઉત્તર પશ્ચિમ રાજસ્થાનમાં સાયકોલિક સર્ક્યુલેશન હતું તે હવે પશ્ચિમ રાજસ્થાનમાં સક્રિય થયુંછે, જેની ગુજરાત પર કોઈ પણ પ્રકારની અસર જોવા મળશે નહીં. આગામી સાત દિવસ સુધી વાતાવરણ સૂકું રહેશે. જે બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે તો વાતાવરણમાં બદલાવ જોવા મળશે. ઉત્તર પશ્ચિમથી ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જો કે અમદાવાદમાં તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચી શકે છે.



### મંડલા આર્ટમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ

# યુવાનોની કલા અને ચર્ચાએ ઉઠાવ્યો સત્યનો મજબૂત સ્વર



**પ્રજા પંખ સુરત,** ૨૨ માર્ચ સુરત કિલ્લા ખાતે આજે ભ્રષ્ટાચાર જેવા ગંભીર વિષયને કેન્દ્રમાં રાખીને મંડલા આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં યુવાનોની સર્જનાત્મકતાએ સમગ્ર કાર્યક્રમનું કેન્દ્ર સ્થાન મેળવ્યું. અદબી દુનિયા ફાઉન્ડેશન અને ઓપરેશન ઝીરો બ્રાઇબ દ્વારા સહ-આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા અંદાજે ૫૦ જેટલા મંડલા આર્ટ ડિઝાઇન્સનું પ્રદર્શન કરવામાં આવ્યું.

આ કૃતિઓમાં ભ્રષ્ટાચારના વિવિધ સ્વરૂપો અને તેની સામાજિક અસરને ખૂબ જ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા હતા. દરેક ડિઝાઇન એક સંદેશ આપતી હતી, જે ઉપસ્થિતોને વિચારવા અને જવાબદારી સ્વીકારવા પ્રેરિત કરતી હતી.

કાર્યક્રમની શરૂઆત હબીબ કિનખાબવાલાના સ્વાગત સંબોધનથી થઈ. ત્યારબાદ એસીબીના પીઆઈ શ્રી કે.જે.ધડુકે ભ્રષ્ટાચાર સામે કડક વલણ અને જનસહભાગિતાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. વૃંદા ભટ્ટના કીનોટ સંબોધનોએ પત્રકારિતામાં નૈતિકતા અને સત્યના મહત્વને ઉજાગર કર્યું. અદબી દુનિયા દ્વારા રજૂ કરાયેલ માઈમ એક્ટે ભ્રષ્ટાચારની વાસ્તવિકતા અને તેના પ્રભાવને જીવંત રીતે રજૂ કર્યો, જે કાર્યક્રમનો અસરકારક ભાગ રહ્યો.

કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ રહી પેનલ ચર્ચા, જેમાં પત્રકારિતામાં નૈતિકતા, ઈન્ટેગ્રિટી અને જવાબદારી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ ચર્ચાનું સંચાલન ઓપરેશન ઝીરો બ્રાઇબના સ્થાપક હર્ષિત હેમનાની દ્વારા કરવામાં આવ્યું. સત્યેન આર નાયક, પ્રસન્ન ભટ્ટ, લોપા દરબાર અને મિહિર પાઠક જેવા અનુભવી વક્તાઓએ આજના મીડિયા પરિસ્થિતિમાં સત્યને જાળવવાના પડકારો અને તેની જવાબદારી પર સ્પષ્ટ અને અસરકારક વિચારો રજૂ કર્યા. ચર્ચા દરમિયાન પેનલિસ્ટ્સે જણાવ્યું કે ભ્રષ્ટાચાર સામે લડત માટે માત્ર કાનૂની પગલાં પૂરતા નથી, પરંતુ સજાગ પત્રકારિતા અને સમાજની સક્રિય ભૂમિકા પણ એટલી જ જરૂરી છે.

# સચિન-પાંડેસરા ખાતે સમ્રાટ અશોકની ૨૩૩૦ મી જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય બાઈક રેલી, વિશાળ રેલી અને જનસભા યોજાઈ

### હજારો લોકોની ઉપસ્થિતિમાં સામાજિક એકતા, શાંતિ અને સમ્રાટ અશોકના ધર્મ સંદેશનું પ્રભાવશાળી પ્રદર્શન






**પ્રજા પંખ, સચિનઃ** સુરત શહેરના સચિન- પાંડેસરા વિસ્તારમાં ચક્રવર્તી સમ્રાટ અશોકની ૨૩૩૦મી જન્મ જયંતિ નિમિત્તે મૌર્ય સમાજ દ્વારા ભવ્ય રેલી, બાઈક રેલી અને વિશાળ જનસભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ સમાજના ગૌરવશાળી ઇતિહાસને યાદ કરાવતો અને એકતા તથા સંસ્કૃતિનો ઉત્સવ બની રહ્યો.

કાર્યક્રમના આયોજકો મૌર્ય સમાજ સુરતના સક્રિય સભ્યો ઇન્દ્રકુમાર મૌર્ય અને અવધેશ મૌર્યએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઉત્સવની શરૂઆત સવારે ૧૦:૦૦ વાગ્યે સચિન સ્થિત અશોકા ઇન્ટરનેશનલ સ્કૂલ, તલંગપુર ખાતે થઈ, જ્યાં આશરે ૨૦૦૦ લોકોની સભા યોજાઈ. ત્યારબાદ પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી નાગમણી કુશવાહા (બિહાર) ના હસ્તે રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

ત્યારબાદ સચિન વિસ્તારમાંથી ભવ્ય બાઈક રેલી નીકળી, જેમાં મૌર્ય સમાજ સાથે અન્ય સમાજોના લોકો પણ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા. યુવાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર વિસ્તારમાં જયઘોષ સાથે ઉજવણીનો માહોલ સર્જાયો હતો.

બપોર બાદ પાંડેસરા સ્થિત તેરે નામ રોડ પર સમ્રાટ કોર્પોરેશન પાસેથી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં અંદાજે ૧૦,૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. આ રેલી સુરતના વિવિધ વિસ્તારોમાં ફરીને સાંજે ૬:૦૦ વાગ્યે ઉધના સ્થિત ઇછઈ ગ્રાઉન્ડ (લક્ષ્મીનારાયણ મંદિર પાસે, લિયો ક્લાસેસ સામે) ખાતે પૂર્ણ થઈ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી નાગમણી કુશવાહા (બિહાર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સુરત જિલ્લા પંચાયતના પૂર્વ ઉપાધ્યક્ષ હિતેન્દ્રસિંહ વાસિયા, તલંગપુરના માજી સરપંચ અને માજી શહેર મંત્રી ભીખુભાઈ પટેલ, ઉત્તર ભારતીય સમાજના પ્રમુખ અજીતસિંહ રાજપૂત, સમાજ અને રાજકીય અગ્રણી ધનસુખ રાજપૂત, પૂર્વ મંત્રી પ્રદીપસિંહ રાજપૂત સહિત અનેક સ્થાનિક આગેવાનો અને સમાજસેવકો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ પોતાના પ્રવચનમાં સમ્રાટ અશોકના ધર્મ, અહિંસા, શાંતિ અને એકતાના સંદેશને યાદ કરી સમાજને આદર્શો પર ચાલવા પ્રેરિત કર્યા. સમ્રાટ અશોક, જેમણે પોતાના શાસનકાળમાં ધર્મ, ન્યાય અને માનવતાને પ્રાથમિકતા આપી, તેઓ આજના સમયમાં પણ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે. આ ભવ્ય આયોજન દ્વારા સમાજમાં એકતા, ઉત્સાહ અને ગૌરવની લાગણી વધુ મજબૂત બની અને સમ્રાટ અશોકના સંદેશને વ્યાપક રીતે પ્રસારિત કરવામાં આવ્યો.

# પવિત્ર સ્થાન અંબાજી ખાતે શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો






**પ્રજા પંખ અંબાજીઃ** તારીખ ૨૨/૩/૨૦૨૬ ના રોજ ઉત્તર ગુજરાત ઝોનના ઉપક્રમે અંબાજી મુકામે શક્તિ ભુવન ખાતે શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનો સ્નેહમિલન કાર્યક્રમ શ્રી એસ.એસ.વાઘેલા, નિવૃત આસીસ્ટંટ કલેક્ટર અને પ્રમુખ બનાસકાંઠા જીલ્લા પેન્શનર એસોસિએશના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં શિક્ષણ ખાતાના વહીવટી સ્ટાફના પેન્શનરોનું મંડળ, ગુજરાત રાજય ગાંધીનગરના પ્રમુખશ્રી આઈ. કે. પટેલ તથા મહામંત્રીશ્રી જી. કે. પરમાર તથા કારોબારી સમિતિના સભ્યો અને અન્ય હોદ્દેદારો તેમ જ ઉત્તર ઝોન યુનિટના ઉપપ્રમુખ શ્રી રમણભાઇ પટણી તથા સહમંત્રીશ્રી નારણભાઇ પ્રજાપતિ, બનાસકાંઠા જીલ્લા કન્વીનર શ્રી ખેગારભાઇ સોલંકી, પાટણ જીલ્લા કન્વિનર સુરેશભાઇ સોની, સાબરકાંઠા જિલ્લા કન્વીનર વસંતભાઈ પંચાલ તથા વિશાળ સંખ્યામાં મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પેન્શનરના પ્રશ્નો અને મંડળની એકતા અને સંગઠન મજબુત બનાવવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

મંડળના અન્ય સભ્યોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. ઉત્તર ગુજરાત ઝોનના ઉપ પ્રમુખ શ્રી રમણભાઈ પટણી દ્વારા સ્વખર્ચે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની યાદગીરી રૂપે તેઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત મંડળના તમામ સભ્યોને આકર્ષક ભેટ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી જી.કે. પરમારની દીકરી દિપલ પરમારે કર્યું હતું અને આભાર વિધી ઉત્તર ગુજરાત ઝોનના સહમંત્રી શ્રી નારણભાઈ પ્રજાપતિએ કરી હતી.કાર્યક્રમના અંતે રાષ્ટ્રીય ગીત ગાઈને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.


### આંતરરાષ્ટ્રીય કાવ્ય ભૂષણ સમ્માન સમારોહ યોજાયો

# ભામિનીબેન રાવલને અને નિરીક્ષક શ્રી રાજેશ પારેખને સન્માનિત કરવામાં આવ્યા



**પ્રજાપંખ સુરત :** તાઃ ૨૧ માર્ચ વિશ્વ કવિતા દિવસ અંતર્ગત આંતરરાષ્ટ્રીય કાવ્ય ભૂષણ સમ્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવનભારતી કિશોરભવનના શ્રેણીઃ ૧થી ૫ ના આચાર્યાશ્રી ભામિનીબેન રાવલને 'જિંદગી કી શીખ' અને નિરીક્ષક શ્રી રાજેશ પારેખને યહી હૈ જીવન ઉત્કૃષ્ટ કાવ્યલેખન બદલ તેઓને આંતરરાષ્ટ્રીય કાવ્ય ભૂષણ સમ્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જે બદલ જીવનભારતી મંડળ તથા સમગ્ર શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામા આવ્યા હતાં.

# ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા સોનગઢના નવા આધુનિક પોલીસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ



**સોનગઢ, તાપીઃ** -આજ રોજ સોનગઢ ખાતે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા નવા આધુનિક પોલીસ સ્ટેશનનું રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સોનગઢ ખાતે વિશેષ ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રી ડો. જયરામભાઈ ગામીત તેમજ વ્યારા વિધાનસભા ના ધારાસભ્ય મોહનભાઈ કોકણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જે. એન. દેશાઈ, પ્રાંત અધિકારી સંદીપ ગાયકવાડ, જિલ્લા મહામંત્રી નિખિલભાઈ શેઠ અમિત પટેલ સહિત વિવિધ આગેવાનો, અધિકારીઓ મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

# સુરત પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલનું હૃદયરોગના હુમલાથી મોત

### નિમેષ માલિવાડ SC/ST સેલમાં ફરજ બજાવતા હતા, ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ



સુરત- સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નાની વયે હૃદયરોગના હુમલાથી મોતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે સુરત પોલીસ વિભાગમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. સુરત પોલીસના SC/ST સેલમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નિમેષભાઈ માલિવાડનું હૃદયરોગના હુમલાને કારણે અકાળે અવસાન થયું છે. એક નિષ્ઠાવાન અને મિલનસાર પોલીસ જવાનના નિધનથી સમગ્ર સુરત પોલીસ બેડામાં ગમગીની છવાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર, હેડ કોન્સ્ટેબલ નિમેષભાઈ માલિવાડ સુરત પોલીસના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સેલમાં કાર્યરત હતા. તેઓ પોતાની ફરજ પ્રત્યે અત્યંત સજાગ અને શિસ્તબદ્ધ ગણાતા હતા. તેઓ પોતાના ઘરે હતા, ત્યારે અચાનક તેમને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. પરિવાર કંઈ સમજે તે પહેલા જ તેમને હૃદયરોગનો ગંભીર હુમલો આવતા તેમનું નિધન થયુ હતું. નિમેષભાઈનો પરિવાર સંપૂર્ણપણે જનસેવા અને ખાખી વર્દીને સમર્પિત છે. માત્ર નિમેષભાઈ જ નહીં, પરંતુ તેમના પત્ની પણ સુરત પોલીસ વિભાગમાં કાર્યરત છે. તેમના પત્ની હાલ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે. સાથી કર્મચારીઓએ પણ આ દુઃખદ ઘડીએ પરિવારને સાંત્વના પાઠવી હતી. નિમેષભાઈએ પોલીસ વિભાગમાં આપેલી વર્ષોની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવવા માટે વિભાગ દ્વારા તેમને પૂરા સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. અંતિમયાત્રા પૂર્વે સુરત પોલીસ દ્વારા તેમને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું પોલીસ પરંપરા મુજબ હવામાં ફાયરિંગ કરી અને સલામી આપીને આ જવાનને માનભેર વિદાય અપાઈ હતી.

# સ્થાનિક ચૂંટણીમાં નવા ઈવીએમમા મતદાન થશે : ફર્સ્ટ ચેકિંગ કરાયું



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ટર્મ પૂર્ણ થતાં હાલ વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, પરંતુ હવે ટૂંક સમયમાં ચૂંટણીના નગારા વાગવાના સંકેતો મળી રહ્યા છે. એક તરફ રાજકીય પક્ષો અને સ્થાનિક નેતાઓ ચૂંટણીની તૈયારીઓ કરતાં જોવા મળી રહ્યા છે, તો બીજી તરફ જિલ્લા ચૂંટણી તંત્રએ પણ કમર કસી છે. ચૂંટણી પ્રક્રિયાના મુખ્ય પાસા સમાન મતદારયાદી અને ઈવીએમ તૈયાર કરવાની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ૧૮૦૦ જેટલા બીયુ અને ૨૨૦૦ જેટલા બીયુ નવા મોકલવામાં આવ્યા છે.જેનું ફર્સ્ટ લેવલ ચેકિંગની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આગામી સામાન્ય ચૂંટણીઓમાં ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપરાંત દહેગામ, કલોલ અને માણસા તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દહેગામ અને કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ પણ યોજવાની હોવાથી સમગ્ર જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામશે. માત્ર ગાંધીનગર કોર્પોરેશન અને માણસા નગરપાલિકા સિવાયનો તમામ ભૌગોલિક વિસ્તાર આ ચૂંટણી પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવશે. ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ગાંધીનગર જિલ્લામાં નવા જ કંટ્રોલ યુનિટ અને બેલેટ યુનિટનો સ્ટોક ફાળવવામાં આવ્યા છે.તાજેતરમાં એન્જિનિયરો દ્વારા ૧૮૦૦થી વધુ સીયુ અને ૨૨૦૦ જેટલા બીયુનું ફર્સ્ટ લેવલ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન પારદર્શતા જાળવવા માટે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા.

ટેસ્ટિંગ દરમિયાન જે મશીનોમાં ટેકનિકલ ક્ષતિઓ જણાઈ હતી.

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત


**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલના હસ્તે સચિન ખાતે સુરત મહાનગરપાલિકાના રૂ.૧૨૪ કરોડથી વધુના જનહિતલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત

## શહેરભરમાં રોડ-રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતામાં શ્રેષ્ઠ કામગીરી કરી રહેલી સુરત મહાનગરપાલિકા દેશભરમાં રોલ મોડેલ તરીકે ઊભરી રહી છેઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી

**રૂ.૪૪.૫૨ કરોડના કામોનું લોકાર્પણ અને રૂ.૮૦ કરોડના કામોના ખાતમુહૂર્ત મળી કુલ રૂ.૧૨૪.૪૨ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા કેન્દ્રીય મંત્રી.**






**પ્રજા પંખ સચીનઃ** સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપવા સાઉથ ઝોન-બી (કનકપુર) ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી. આર. પાટિલે રૂ.૪૪.૫૨ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૮૦ કરોડના કામોના ખાતમુહૂર્ત મળી કુલ અંદાજિત રૂ.૧૨૪.૪૨ કરોડના જનહિતલક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

મનપાના સાઉથ ઝોન- બી અને ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ વોર્ડ - 30 (કનસાડ - સચિન - ઉન - આભવા) માં સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૫.૪૦ કરોડના ખર્ચે સુરતથી સચીન થઈ નવસારી જતા સ્ટેટ હાઈવે પરના ૯૦ મીટરના સાતવલ્લા રેલવે ઓવરબ્રિજનું વિસ્તૃતિકરણ, રૂ.૯.૧૨ કરોડમાં નવનિર્મિત તળાવ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શાંતિકુંજ મળીને કુલ અંદાજિત રૂ.૪૪.૫૨ કરોડના કાર્યોનું લોકાર્પણ તેમજ રૂ.૭૨.૭૧ કરોડના ખર્ચે ઝોન-એ વિસ્તારમાં ઉધના ત્રણ રસ્તા જંકશન અને સર્વોત્તમ હોટલ જંકશન પર પર ટીપીસી બેઝિકથી બનનારો ફ્લાઇ ઓવર, રૂ.૬.૩૫ કરોડમાં નવું શાળા ભવન અને શાળા રિપેરિંગ, રૂ.૮૪ લાખમાં કનસાડ વોર્ડ ઓફિસ સહિતના અંદાજિત રૂ.૮૦ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુવિધા અને સર્વાંગી વિકાસની દિશામાં સતત કાર્યરત છે. સચિન સ્થિત ઓવરબ્રિજ પહોળો થવાથી અંદાજે ૯ લાખ લોકોને લાભ થશે. આ બ્રિજના કારણે વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને સચિનની આજુબાજુના વિસ્તારના લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. જેથી તેમના સમય અને ઇંધણમાં પણ બચત થશે. અને ઔદ્યોગિક વિકાસને પણ વેગ મળશે.

વધુમાં તેમણે કહ્યું કે, નવી શાળા, તળાવ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનવાથી કનકપુર અને આસપાસના વિસ્તારના નાગરિકોની શિક્ષણ, આરોગ્ય અને પરિવહન જેવી પાયાની સુવિધાઓમાં વધારો થવાથી તેમના જીવનધોરણમાં પણ સુધારો થશે. આરોગ્ય કેન્દ્રમાં નિશુલ્ક દવા અને ઉપચાર થશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે શહેરભરમાં રોડ-રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતામાં શ્રેષ્ઠ કામગીરી કરી રહેલી સુરત મહાનગરપાલિકા દેશભરમાં રોલ મોડેલ તરીકે ઊભરી રહી છે. હોસ્પિટલની સાથે કોલેજની પણ સુવિધા આપતી દેશભરની જૂજ મહાનગરપાલિકાઓમાંથી સુરત એક છે. દેશભરમાં એક માત્ર સુરતની નગરપ્રાથમિક શાળાઓમાં જ સાત વિવિધ ભાષાઓમાં શિક્ષણ અપાતું હોવાનું તેમણે ઉમેર્યું હતું. શહેરને આ જ રીતે સુવિધાસભર અને પ્રગતિશીલ બનાવી રાખવા તેમણે નાગરિકોને પણ જવાબદારીભર્યું વર્તન કેળવવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઇએ સુરતની સુરત બદલતી તાસીર અને તસવીરની વિકાસગાથા વર્ણવી હજીરાથી સચિન સુધીના શહેર અને સ્ટેટ હાઈવેના રૂ.૧૫૦૦ કરોડના કામનો ઉલ્લેખ કરી રાજય સરકારના માર્ગદર્શન હેઠળ ભવિષ્યમાં લોકસુવિધાના વધુ કાર્યો દ્વારા સર્વાંગી વિકાસ સાધવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, મ્યુ. કમિશનર એમ.નાગરાજન, મનપા વહીવટદારશ્રી મિલિન્દ તોરવણે, પૂર્વ મેયર દક્ષેશભાઈ માવાણી, શહેર સંગઠન અધ્યક્ષ પરેશભાઈ પટેલ, સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષ રાજનભાઈ, વોર્ડ પ્રમુખ શ્રી તેજસભાઈ આહીર, સુરત મહાનગર ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ચંપકભાઈ પરમાર, વોર્ડ મહામંત્રી મનોજસિંહ સોલંકી, મુકેશભાઈ પટેલ, પૂર્વ કોર્પોરેટર શ્રી ચિરાગસિંહ સોલંકી, શ્રી હસમુખભાઈ નાયકા, શ્રીમતી પિયુષાબેન પટેલ, શ્રીમતી રીનાદેવી રાજપુત, હોદ્દેદારશ્રીઓ, બી ઝોન કનકપુરના અધિકારીગણ, આગેવાનશ્રીઓ, ઉપસ્થિત રહ્યા. સહિત પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**સુરતથી સચિન થઈ નવસારી જતાં ૯૦ મીટરના સ્ટેટ હાઈવે પરના હયાત સાતવલ્લા ઓવરબ્રિજને અંદાજિત રૂ.૩૫.૪૦ કરોડના ખર્ચે પહોળો કરાયો છે. ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈના પ્રયાસોથી આ રેલવે ઓવરબ્રિજ પહોળો થવાથી સચિન GIDC, હોજીવાલા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને નવસારી-બીલીમોરા તરફ રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકો માટે આ બ્રિજ સરળ અને સુગમ આવાગમનનો સેતુ બનશે સાબિત થશે. અંદાજે ૯ લાખ લોકો, વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.**

**હયાત સાતવલ્લા ઓવરબ્રિજને અંદાજિત રૂ.૩૫ કરોડના ખર્ચે પહોળો કરાયો છેઃ સચિન GIDC, હોજીવાલા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને નવસારી-બીલીમોરા તરફ રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકોને મોટી રાહત...**

# સાંઈ સેવક ગ્રૂપ દ્વારા ભક્તિભાવથી યોજાશે પાલખી યાત્રા અને મહાપ્રસાદી-હજારો ભાવિકોને આમંત્રણ


**પ્રજા પંખ, સચીનઃ** સચીન કનકપુર વિસ્તારમાં દર વર્ષની પરંપરાને જાળવી રાખતા આ વર્ષે પણ સાંઈ સેવક ગ્રૂપ દ્વારા ભવ્ય અને દિવ્ય શ્રી સાંઈ પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬, મંગળવારના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યે પ્રારંભ થશે, જયારે સાંજે ૦૭:૦૦ વાગ્યે સુભાષચંદ્ર બોસ પ્રતિમા ચોક ખાતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંગે માહિતી આપતા સમાજસેવક સાઈભક્ત ગણપતભાઈએ જણાવ્યું હતું કે, પાલખી યાત્રા સાંઈનાથ સોસાયટી સ્થિત સાંઈ બાબા મંદિરથી ભક્તિભાવ સાથે પ્રસ્થાન કરશે. યાત્રા કનકપુર શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રેલવે ટનલ નજીક આવેલા શનિ સાંઈ મંદિર ખાતે દર્શન કરશે. ત્યારબાદ રિટર્ન રોડ થી મહાકાલ મંદિર, જયોતિ ખમણ મુખ્ય માર્ગ, મહાકાળી મંદિર, માતા ખોડિયાર મંદિર અને શ્રી જગન્નાથ મંદિર જેવા પવિત્ર સ્થળોનો પરિભ્રમણ કરીને યાત્રા સુભાષ ચોક ખાતે પહોંચશે અને અંતે ૧૩૦૮ આશાપુરી સોસાયટી ખાતે પૂર્ણ થશે.

અહીં ભક્તિપૂર્વક પાલખીની પૂજા-અર્ચના કરવામાં આવશે, ધૂન અને ભજન સાથે ભાવમય વાતાવરણ સર્જાશે. ત્યારબાદ સાંજે ૦૭:૦૦ વાગ્યે સાંઈબાબાને મહાપ્રસાદ અર્પણ કરી ભાવિકો માટે મહાપ્રસાદીનું વિતરણ કરવામાં આવશે.


ઊંધા પગે ચાલતા સંત બાબા

આ ભવ્ય પ્રસંગે અનેક મહાનુભાવો અને સંત-મહાત્માઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ખાસ કરીને, પોતાના અનોખા આધ્યાત્મિક ઉપાસનાથી પ્રખ્યાત થયેલા ઊંધા પગે ચાલતા બાબા શ્રી પણ ભાવિકોને દર્શન આપવા પધારશે, જે આ યાત્રાને વધુ પાવન બનાવશે. સાંઈ સેવક ગ્રૂપ દ્વારા સચીન કનકપુરના તમામ ભાવિકોને આ ભવ્ય ધાર્મિક પ્રસંગમાં જોડાઈ આશીર્વાદ મેળવવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે. વધુ વિગત માટે ગણપત શામળ મોબાઈલ ૭૦૪૧૮૦૯૧૩૧- ૭૫૭૩૮૯૨૨૫૬




# લોકજાગૃતિ માટે લોકદરબાર યોજાયો...વ્યાજખોરો સામે સચીન પોલીસની કડક કાર્યવાહી...

**પ્રજા પંખ સચિન-** તા. ૨૩/૦૩/૨૦૨૬: સુરત શહેરમાં ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોની મજબુરીનો લાભ લઈ ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજદરે ધિરાણ આપતા વ્યાજખોરો સામે હવે પોલીસ તંત્ર સખત વલણ અપનાવી રહ્યું છે. સુરત શહેર પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ વ્યાજખોરીના દુષણને નાબૂદ કરવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.







આ અભિયાનના ભાગરૂપે આજે સચીન પોલીસ દ્વારા લોકજાગૃતિ લાવવા માટે એલ.ડી.હાઈસ્કૂલ સચિન ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડીસીપી શ્રી રાજેશ પરમારજી અધ્યક્ષસ્થાને હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વ્યાજખોરી માત્ર આર્થિક શોષણ જ નહીં પરંતુ અનેક પરિવારોના જીવનને બરબાદ કરતી ગંભીર સામાજિક સમસ્યા છે. ઘણીવાર ઉંચા વ્યાજના બોજા હેઠળ લોકો આત્મહત્યાની તરફ ધકેલાઈ રહ્યા છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે લોકોમાં ભય અને જાગૃતિના અભાવને કારણે ઘણીવાર ફરિયાદો નોંધાતી નથી. તેથી આવા લોકદરબારના માધ્યમથી લોકોમાં વિશ્વાસ અને જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.સચીન પોલીસ દ્વારા સ્પષ્ટ રીતે અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વ્યાજખોર દ્વારા હેરાનગતિ કે ગેરકાયદેસર ઉંચા વ્યાજની વસુલાત કરવામાં આવે તો તરત જ પોલીસનો સંપર્ક કરો.

સચીન પોલીસ દ્વારા સ્પષ્ટ રીતે અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વ્યાજખોર દ્વારા હેરાનગતિ કે ગેરકાયદેસર ઉંચા વ્યાજની વસુલાત કરવામાં આવે તો તરત જ પોલીસનો સંપર્ક કરો. આપની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. એસીપી ગોહિલજીએ પણ જનતાને અપીલ કરતાં જણાવ્યું હતું કે, વ્યાજખોરોના ભયથી દબાઈ રહેવાને બદલે હિંમતપૂર્વક આગળ આવી પોલીસને જાણ કરવી જોઈએ. પોલીસ તંત્ર તમારી સાથે છે અને દરેક પીડિતને ન્યાય અપાવવા પ્રતિબદ્ધ છે. આ લોકદરબારમાં સચીન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એન. વાઘેલા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાકભાજી વેચાણકારો, રિક્ષાચાલકો, પાથરણા વાળા તથા નાના વેપારીઓ સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો અને તેમની સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. કાર્યક્રમમાં બેન્કિંગ વ્યવસ્થા વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અહીં આજે Axis Bank, Sutex Bank, Indian overseas Bank, SBI અને Bob ના મેનેજરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ત્યારે બેન્ક ઓફ બરોડા, સચીનના મેનેજર શ્રી રાજીવ રંજનજીએ જણાવ્યું હતું કે લોકો ગેરકાયદેસર વ્યાજખોરીના જાળમાં ફસાયા વિના કાયદેસર રીતે બેન્ક મારફતે લોન મેળવી શકે છે. યોગ્ય દસ્તાવેજ અને પાત્રતા આધારે સહેલાઈથી નાણાકીય સહાય ઉપલબ્ધ છે. આ ઉપરાંત ટ્રાફિક નિયમોનું પાલન, હેલ્મેટ પહેરવાની જરૂરિયાત, 'નો ડ્રગ્સ ઈન સુરત' અભિયાન અંતર્ગત નશીલા પદાર્થો અંગે માહિતી આપવા અપીલ, પોક્સો કાયદા અંગે જાગૃતિ તથા સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.અંતમાં પોલીસ તંત્ર દ્વારા જનતાને હૃદયસ્પર્શી અપીલ કરવામાં આવી હતી કે વ્યાજ ખોરોના ત્રાસથી ક્યારેય નિરાશ ન થવું, કોઈપણ પરિસ્થિતિમાં આત્મ હત્યાનો માર્ગ પસંદ ન કરવો. દરેક સમસ્યાનું સમાધાન છે અને પોલીસ તમારી સાથે મજબૂત રીતે ઉભી છે. 'વ્યાજખોરી મુક્ત સુરત'ના સંકલ્પ સાથે સચીન પોલીસ દ્વારા આ અભિયાનને વધુ વેગ આપવામાં આવશે.

**આ લોકદરબારમાં સચીન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એન. વાઘેલા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાકભાજી વેચાણકારો, રિક્ષાચાલકો, પાથરણા વાળા તથા નાના વેપારીઓ સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો**

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS,-29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230